# ટૂંકી મુદ્દતનો પ્રશ્ન ક્રમાંક: ૪૫

તા.૨૫/૦૯/૨૦૨૦

આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના અંતર્ગત બેંકલોન બાબત

શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરીયાપુર) : માનનીય સહકાર મંત્રીશ્રી(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | કોરોના મહામારીમાં નાગરીકોને ધંધા-રોજગારમાં રાહત મળી રહે તે માટે આત્મનિર્ભર ગુજરાત સહાય યોજનાની જાહેરાત તા.૧૮-૯-૨૦૨૦ની સ્થિતિએ ક્યારે કરવામાં આવી, | (૧) | આત્મનિર્ભર ગુજરાત સહાય યોજનાની જાહેરાત તા.૧૬/૦૫/૨૦૨૦ના ઠરાવથી કરવામાં આવેલ છે. જ્યારે આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના-૨ની જાહેરાત તા.૨૦/૦૬/૨૦૨૦ના ઠરાવથી કરવામાં આવેલ છે. |
| (૨) | તે અન્વયે કેટલી રકમની લોન કઈ બેંકો દ્વારા પુરી પાડવા આવશે, | (૨) | રાજ્યમાં કુલ ૨૧૩ નાગરિક સહકારી બેંકો કુલ ૧૯ મલ્ટી સ્ટેટ કો.ઓ. બેંકો તથા કુલ ૧૮ જિલ્લા મધ્યસ્થ બેંકો આવેલી છે. આ પૈકી કેટલી બેંકો દ્વારા કેટલી રકમની લોન મંજૂર કરવામાં આવશે તે હાલમાં કહી શકાય તેમ નથી. કારણ કે, આત્મનિર્ભર ગુજરાત સહાય યોજનામાં તા.30/૦૯/૨૦૨૦ સુધી અરજદારો દ્વારા અરજી કરવાની તારીખ નિયત કરવામા આવેલ છે. આ અરજીઓ સંબંધિત સહકારી સંસ્થાઓ દ્વારા અનુક્રમે તા.૧૫/૧૧/૨૦૨૦ તથા તા.૩૧/૧૦/૨૦૨૦ સુધીમાં નિર્ણય લેવાનો રહે છે. |
| (3) | ઉક્ત લોનમાં બેંકો દ્વારા ગેરેંટર લેવામાં આવે છે કે કેમ, અને | (3) | યોજનાકીય ઢાંચા મુજબ બેંકો દ્વારા ગેરેંટર લેવાના રહે છે. |
| (૪) | બેંકો દ્વારા લોન અને લોનના ફોર્મ પુરાં પાડવામાં આવતા નથી તે ફરીયાદથી સરકાર વાકેફ છે કે કેમ? | (૪) | આ અંગે યોજનાકીય ઢાંચા મુજબ લોનના અરજીફોર્મ ભરી અને જે તે લાભાર્થી દ્વારા સહકારી સંસ્થાઓને રજુ કરવાના રહે છે. આ અરજીફોર્મની ચકાસણી સંબંધિત સહકારી સંસ્થા દ્વારા કરવાની રહે છે. સંબંધિત સહકારી સંસ્થા દ્વારા સદરહું લોન ફોર્મની ચકાસણી યોજનાકીય ઢાંચા, બેંકના ધિરાણના નિયમો તથા આર.બી.આઇ.ની ગાઈડલાઈન અનુસાર કરવાની રહે છે. આ સંજોગોમાં બેંકના લોનના ફોર્મ રજુ કરેલ અરજદારોને લોન પુરી પાડવામાં આવેલ છે કે નહી તેની વિગતો સમગ્ર રાજ્યમાં આવેલ અને યોજનામાં જોડાયેલ સહકારી સંસ્થાં પાસેથી મેળવવાની રહે છે. |